# ઈન્સાનની બેહોશી

અલ્લાહતઆલાએ ઈન્સાનને દરમિયાન મુન્કર અને માઅરૂફ એમ બેવે ચીઝો મુકેલી છે. માઅરૂક યાઅની એ ચીઝો જે અલ્લાહને પસંદ હોય અને જેનો સવાબ મુકર્રર હોય છે; અને મુન્કર તે શય છે કે જે પર ચાલવાથી અલ્લાહની નારાઝગી ઉતરે અને ઈન્સાન કામિયાબીનો રસ્તો ભુલી, પસ્તી અને બીગાડના રસ્તા પર આવી જાય છે. મુન્કર ચીઝોમાં એક શરાબ પણ છે જેને કુરઆનમાં ખમરના નામથી યાદ કીધેલી છે, આ ખમર ઉમ્મુલ ખબાઈસ છે યાઅની કે નાપાકીઓની જડ. ઈન્સાન શરાબ પીને બેહોશી-બેખબરીના આલમમાં ગરક થઈ જાય છે અને **એની અકલ પર પડદો પડી જાય છે.** ઔલીયાઉલ્લાહ (અ.સ.) એ આ સિવાય ચાર બેહોશી-છાકની ચીઝોની ઘણી દરાઝ ઝિક્ર ફરમાવી છે જે ચાર તરહની છે. ૧) જવાની ૨) શાહી ૩) શેહવત અને ૪) ઓજોબ.

**(૧) જવાનીની બેહોશી :** પેહલી છાક એ ઈન્સાની ઝિંદગીમાં જવાનીના મરહલાની છે. જવાનીમાં ઈન્સાની કૂવત-તાકત-રસાઈ વગૈરા એક સાથે જમા થઈ જાય છે. જેના સબબ એ તમામને કમ્ઝોર-ના તવાં સમઝે છે અને વાત વાતમાં બીજાને ઉતારી પાડવાની કોશિશ કરે છે. જવાનીના જોશમાં એના વાસ્તે બીજાની બેઈઝ્ઝતી કરવી એક આમ વાત થઈ જાય છે, બીજા પર ગાલિબ થાવાની પૈરવી કરે છે અને એનાથી ઉમર ના મોટા બુઝુર્ગ લોગોને હકારતની નઝરથી જોઈ છે. પણ એને ખબર નથી કે સુરજના ઝવાલનો વક્ત સુરજની બલંદીના વક્ત પછી ફૌરન આવી જાય છે અને તે બાદ સુરજ મગરીબ તરફ ઢલે છે તો તેની ગરમીનું ઝોર ધીમે ધીમે કમ થાતુ જાય છે. જવાનને ખબર નથી કે બુઢાપો શું છે? કેમ કે તે મરહલામાંથી એનો ગુઝર થયો નથી હોતો. બુઝુર્ગ શખ્સને ખબર હોય છે કે, એ પણ એક ઝમાનામાં જવાન હતો અને આજે એની જવાની કઈ કામ લાગી નહી પણ રમતબાઝી, હઁસી-મઝાક, લાલચ, ગુરૂર તેમજ તકબ્બુરીમાં એને પોતાની ઝિંદગીની કામિયાબી વાસ્તેનો અહમ હિસ્સો ઝાયેઅ કરી દીધો.

**(૨) બાદશાહીની બેહોશી :** બીજા અલ્ફાઝમાં આ દૌલતની છાક છે. સાહબે માલને દિલમાં એમ એહસાસ થાય છે કે, તમામને પોતાની દૌલતના બલથી ખરીદી શકાશે. દુનિયાની ઝિંદગીના વાસ્તે એને પાસે આવેલા બે રોકટોક માલો મતાઅથી એના દિલમાં ઘમંડ પૈદા થાય છે અને તમામ પર વટ, પકડ અને રોઅબો જલાલ જમાવવાની કોશિશ કરે છે. આવા શોહરત-પસંદ શખ્સ એ હકીકતથી નાઆશના હોય છે કે, **શાહી અને દૌલત કોઇને પાસ હંમેશા રહી નથી અને રેહેશે નહી !** જે મુજબ દૌલત અને રિયાસત બીજાના ઘરમાં હતી અને આજે એના ઘરમાં આવી, તો આઈંદા યૌમ બીજાના દર પર જાવાની જ છે.

**(૩) શેહવતની બેહોશી :** આનાથી ઈન્સાન પોતાની પૈદાઈશ ને જ ભુલી જાય છે કે, એ એક બેબસ ઈન્સાન હતો જે વક્ત એની વિલાદત થઈ અને મૌત પહેલા પણ એ અલ્લાહની કુદરત આગલ બેકસ જ હતો. પણ જવાનીના જોશો ખરોશના સબબ અને જેવી ગિઝા તેવી આદતના સબબ તે ઈનસાની અકદાર-અખ્લાકના દાયરા માંથી નીકલીને હૈવાનીયત અને જંગલીપણાના દાયરામાં દાખિલ થઈ જાય છે અને જિસ્માની શેહવત-તલબ-ખ્વાહેશાત ના સબબ તેની અકલો ફિક્ર અને ઈલ્મો અમલ પર પડદો પડી જાય છે. અલ્લાહતઆલા મુમેનીનને ગૈરજાઈઝ જિસ્માની ખ્વાહેશાતની બદીથી દૂર રાખે અને જાઈઝ જિસ્માની તઅલ્લુકાતના ઝરીએ અસલ-નસલને હમેશા પાકીઝા રાખે.

**(૪) ઓજોબની બેહોશી :** ઓજોબ યાઅની કોઈ શખ્સ જે ધારે તે થાય અને જેનો ઈરાદો કરે તેમાં ખુદાતઆલાની મદદ થાય; જેની ઉમ્મીદ કરે તે હાથમાં આવે; જેના પર હમલો કરે તેના પર ગાલિબ આવે અને જેના પર ઝબરદસ્તી કરે તેના પર જીત હાસિલ કરે. તે સબબ એના દિલમાં શૈખી વાકેઅ થાય છે અને મનમાં ને મનમાં એમ જ માની લે છે કે, મારી સમઝ જેમ કોઈ બીજાની સમઝ આ દુનિયામાં નથી. હું જ હુશિયાર છું, હું મારી ચાલાકીથી કોઈને પણ પલ ભરમાં પસ્ત-ઝૈર કરી શકું છું.

આ ચાર બેહોશી કે જેની ઝિક્ર થઈ તે ઈન્સાની ફિક્ર-અખ્લાક-આદતો બીગાડવામાં કાફી છે અને આ બેહોશી-મદહોશી ના બાઈસ સબબ અને બદ્દીન-બદઝહેન લોગો જેમાં કોઈ અદબ તેહઝીબ નથી હોતી તે એના જેવા બેહોશ શખ્સોના ગિરોહ સાથે થઈ જાય છે. અલ્લાહતઆલા મુમેનીનને આ બેહોશીની બીમારી અને બુરાઈથી હર વક્ત અને હર પલ મેહફૂઝ રાખે એવી હર સાહબે અક્લની દોઆએ ખૈર છે. ★